# બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૮
અંક : ૧૧

૨૦૨૪ : નવેમ્બર
માસિક : રૂ. ૫/-



: તંત્રી :

શ્રી જગતભાઈ એચ. દવે

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



: પ્રકાશક :

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

૩૫મું રાષ્ટ્રીય અધિવેશન. તા. ૨૯-૧૨-૨૦૨૪

સ્થળ - ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ, વસ્ત્રાલ, અમદાવાદ

## અધિવેશન કાર્યક્રમ

### પ્રથમ સત્ર

| સમય | માહિતી |
|---|---|
| ૧૦.૦૦ થી ૧૦.૧૦ | દિપ પ્રાગટ્ય - શ્રી મૌલિકભાઈ દવે (રાજા) |
| ૧૦.૧૦ થી ૧૦.૨૦ | સ્વાગત પ્રવચન - પ્રમુખશ્રી કિરીટકુમાર દવે |
| ૧૦.૨૦ થી ૧૦.૩૦ | સ્વાગત પ્રવચન - અધ્યક્ષશ્રી સમીરભાઈ દવે |
| ૧૦.૩૦ થી ૧૦.૫૦ | સંસ્થાનો અહેવાલ - ઉપપ્રમુખશ્રી પ્રણવભાઈ જોષી |
| ૧૦.૫૦ થી ૧૧.૧૫ | ઉદ્‌ઘાટકશ્રીનું ઉદ્‌બોધન - શ્રી મૌલિકભાઈ દવે (રાજા) |
| ૧૧.૧૫ થી ૧૨.૩૦ | શ્રી સંજયભાઈ રાવલ - કી-નોટ સ્પીકર |
| ૧૨.૩૦ થી ૧૨.૫૦ | અતિથિ વિશેષશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૧૨.૫૦ થી ૦૧.૦૦ | મુખ્ય મહેમાનશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૦૧.૦૦ થી ૦૧.૧૦ | આભાર વિધી, ઉપપ્રમુખશ્રી તરલભાઈ ભટ્ટ |
| ૦૧.૧૦ થી ૦૨.૧૦ | ભોજન વિરામ |
| ૦૨.૧૦ થી ૦૨.૩૦ | ગામે ગામના પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના કારોબારી સભ્યશ્રીઓનું સન્માન |

### દ્વિતીય સત્ર

| સમય | માહિતી |
|---|---|
| ૦૨.૩૦ થી ૦૫.૦૦ | મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા (વોઈસ ઓફ મુકેશ - સલીમ મલિક) |
| ૦૫.૦૦ થી ૦૫.૧૫ | અધિવેશન સમાપન |
| ૦૫.૧૫ થી ૦૫.૩૦ | ચા-કૉફી, અલ્પાહાર |

ખાસ નોંધ - અધિવેશન સમાપન વખતે સંભારણારૂપે હાજર રહેલા ડેલીગેટ્સને જ સંભારણું મળશે. વ્યક્તિદીઠ એક જ સંભારણું આપવામાં આવશે.જેથી કરીને કોઈના પાસ ઉઘરાવી સંભારણું લેવા. આવવાનો પ્રયત્ન કરવો નહીં અને આયોજકોને સંયમ રાખી સહકાર આપવો.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના નેજા હેઠળ **૩૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ, વસ્ત્રાલ, અમદાવાદ** ખાતે આપ સૌને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આપશ્રી અધિવેશનના ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રી, અતિથિ વિશેષશ્રી તથા દાતાશ્રી, ડેલીગેટ્સશ્રી તરીકે અમારી સાથે જોડાયા છો. તેનો અમને આનંદ અને ગર્વ છે. આપને ખાસ વિનંતી કરવાની કે આપને મોકલેલ પાસની સંખ્યાઓ પ્રમાણે અમો ભોજન બનાવતા હોઈએ છીએ આવા સંજોગોમાં આપશ્રી, આપના કુટુંબીજનો અથવા સગાસ્નેહીઓને જરૂરીયાત મુજબ પાસ આપી પ્રત્યક્ષ હાજરી આપવા પ્રોત્સાહિત કરશો. અધિવેશન સ્થળ ઉપર આપની વ્યવસ્થા જળવાય તે માટેના પ્રયત્નો અમારા દ્વારા કરવામાં આવેલા છે.

દાતાશ્રીઓના દાનથી જ્ઞાતિજનોને એકબીજાને મળવાનો એકબીજાને ઓળખવાનો તથા આનંદ માણવાનો સમય મળે છે. પૈસા હોવા અને પૈસા સારા માર્ગે વાપરવા જેનું ઉદાહરણ દાતાશ્રીઓ પૂરૂં પાડે છે. છેલ્લા કેટલાક સમયથી અવિરત પણે કેટલાક દાતાઓ અલગ-અલગ રીતે દાન આપતા રહ્યા છે. તેઓનો તથા બધાનો અંતકરણ:પૂર્વક આભાર માનીએ છીએ અને અહેસાનની લાગણી અનુભવીએ છીએ.

અમને આપને જણાવતા આનંદ થાય છે કે, અધિવેશનની આવકના ખર્ચને બાદ કરતા થતી આવકનો સદઉપયોગ બેન્કમાં મુકી (યુનિટ ટ્રસ્ટમાં રોકી) વધુ આવક મેળવી જ્ઞાતિજનો માટે, સમાજના ઉદ્ધાર અર્થે, સમાજની વિધવા-ત્યક્તા બહેનો માટે માત્રને માત્ર વ્યાજની રકમનો ઉપયોગ થાય છે. જેની આ તબક્કે આપશ્રી નોંધ લેશો તેવી અમારી નમ્ર વિનંતી છે.

સૂચના : (૧) અધિવેશન સ્થળ - ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ, વસ્ત્રાલ, અમદાવાદ, અમદાવાદ સિવાય બહારથી એક્સપ્રેસ વે પરથી આવતી ગાડીઓ માટે અમદાવાદની પહેલી એઝીટથી બહાર નીકળી ડાબા હાથે વળી એસ.પી. રીંગ રોડ ઉપર ડાબા હાથે એક કિલોમીટર સીધી જતા ડાબા હાથે આ હોલ આવેલ છે. (૨) આમંત્રિતશ્રીઓની બેઠક વ્યવસ્થા હોલમાં આગળના ભાગમાં કરવામાં આવેલી છે જેની નોંધ લેશો. (૩) આપને આપવામાં આવેલ બેલ્ટ અધિવેશનનો પ્રવેશનો પ્રવેશ પાસ છે તેમ સમજી સાચવી રાખશો અધિવેશનના દિવસે આ પ્રવેશ પાસ હાથ પર પહેરી લેશો. સમગ્ર દિવસ દરમ્યાન આ બેલ્ટ આપને ક્યાય કોઈ જગ્યા પર રોકશે નહીં. (૪) નાસ્તો સવારમાં ૮.૩૦ થી ૯.૩૦ સુધી જ ચાલુ રહેશે. તેમજ ભોજન બપોરે ૧.૦૦ થી ૨.૦૦ સુધી ચાલુ રહેશે જેની ખાસ નોંધ લેશો. સમયમર્યાદા બાદ આપ આ સેવાથી વંચિત રહેશો. (૫) આ અંગે કઈ જરૂર હોય તો શ્રી કિરીટકુમાર એમ. દવેને (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭ પર સંપર્ક કરશો. (૬) અંતમાં આપશ્રીને જણાવવાનું કે અધિવેશન સ્થળ પર આપશ્રીને કોઈ મદદની જરૂર હોય તો શ્રી મુકેશભાઈ દવે (મો.) ૯૮૨૪૫૫૦૭૩૦, શ્રી ફાલ્ગુનભાઈ ઠાકર (મો.) ૯૮૨૫૪૬૪૯૮૨ તથા ભાવેશભાઈ પંડ્યા (મો.) ૯૯૭૪૧૨૭૮૧૦ નો સંપર્ક કરી શકો છો.

ફરી એક વખત આપશ્રીનો, આપના કુટુંબીજનોનો અંત:કરણપૂર્વક આભાર તથા અહેસાનની લાગણી અનુભવીએ છીએ.

| કિરીટકુમાર દવે | અમૂલભાઈ ભટ્ટ | સમીરભાઈ દવે |
| --- | --- | --- |
| પ્રમુખશ્રી | કો-ઓર્ડીનેટર | મંત્રીશ્રી/અધ્યક્ષ |

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન - અમદાવાદ, તા. ૨૯, ડિસેમ્બર, ૨૦૨૪

## *પ્રમુખશ્રીનું નિવેદન શ્રી કિરીટકુમાર એમ. દવે*
## *તથા પ્રમુખ શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વિદ્યાનગર*
## *તથા પ્રમુખ શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા શરૂ કરનાર ભૂતપૂર્વ હોદ્દેદારો જ્ઞાતિજનો દ્વારા જે-તે સમયે સુંદર વિચાર ઉદ્ભવેલો જ્ઞાતિ સમાજની વિધવા ત્યક્તા બહેનોને કોઈની સામે હાથ લંબાવવો ના પડે અને તેઓને આર્થિક મદદ સંસ્થાની આવકની મર્યાદામાં રહીને કરી શકાય જેથી કરીને તેમનું જીવન ગુજરાન ચલાવવામાં મદદરૂપ થઈ શકે.*

*સાથે-સાથે બાજખેડાવાળ દિર્ઘદૃષ્ટા, સ્પષ્ટ વક્તા તથા પોતાની રકમનું વધુમાં વધુ વળતર કેવી રીતે મળે તેનું પણ ધ્યાન રાખતો હોય આવા સંજોગોમાં વિશિષ્ટ સહાય ફંડમાં આવતી રકમની ફિક્સ ડિપોઝીટ કરી તેના વ્યાજમાંથી જ જ્ઞાતિના બહેનોને મદદરૂપ થવાનો અભિગમ શરૂ કરેલ જે રૂ. ૩૦/- થી શરૂ કરી ૨૦૦૪માં રૂ. ૧૮૦/- ચૂકવાતા હતા ૨૦૦૪થી અવિરત પણે નિયમિત રીતે અધિવેશનો કરવાની શરૂઆત થઈ. અધિવેશનની આવકમાંથી ખર્ચ બાદ કરી વધેલી રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવામાં આવતી હતી. જે વધતા-વધતા ચાલુ સાલે તા. ૩૧-૦૩-૨૦૨૪ના રોજ રૂ. ૨ કરોડ ૧૬ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)*

*આવા સંજોગમાં આ રકમમાં આપણે ચાલુ સાલે રૂ. ૧૩૦૦/- માંથી રૂ. ૨૦૦૦/- તા. ૦૧-૦૮-૨૦૨૨થી પ્રત્યેક માસે આપવાની શરૂઆત કરી હતી. અંદાજિત ૫૫ બહેનોને દર મહિને રૂ. ૧,૧૦,૦૦૦/-ની રકમ વિશિષ્ટ સહાય પેટે ચૂકવાતી હતી. આમ વાર્ષિક રૂ. ૧૩,૨૦,૦૦૦/- પ્રત્યેક વર્ષે ચૂકવાતા હતા.*

*આ જે કંઈ વધારો છે તે જે-તે વર્ષોના હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા જ્ઞાતિ સમાજના ઉદાર હાથે દાન આપનાર દાતાશ્રીઓ (ભામાશાશ્રીઓ)ને આભારી છે.*

*૧૬મું રાષ્ટ્રીય અધિવેશન જબલપુર મુકામે ૨૦૦૨માં યોજાએલ ત્યારબાદ ૨૦૦૪માં હું પ્રમુખ થયો ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં ૧૭મું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન ક્ષીરજામ્બા મુકામે યોજવાનું નક્કી થયેલ તે વખતે હૃદયના એક ખૂણામાં એવી ચિંતા હતી કે અધિવેશન કરવાથી કદાચ ખર્ચ કરતાં આવક ઓછી થશે તો ઘરના રૂપિયા જોડવાના આવશે. પરંતુ ક્ષીરજામ્બા માતાજીના અસીમ આશીર્વાદથી રૂ. ૧,૭૩,૦૦૦/- જેવી માતબર રકમ ખર્ચ કરતા આવકનો વધારો થયો આવા સંજોગોમાં પ્રમુખને હોદ્દેદારો તથા કારોબારીના સભ્યોનો સહકાર મળતો*

રહ્યો. "મોર જેમ પીંછાથી રળિયામળો" હોય તે મારા સાથી કાર્યકરોએ આ યોજનાર ૩૫માં અધિવેશનમાં પણ મન–કર્મ–વચનથી આર્થિક–માનસિક–શારિરીક રીતે મને સતત મદદ કરતા રહ્યા છે. (મને એટલે જ્ઞાતિ સમાજને એમ સમજવું) જેના કારણે આપણે વિશિષ્ટ સહાયમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા છીએ.

આ તબક્કે સમગ્ર સમાજને મારે જણાવવાનું કે ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ વર્ષોપર્યંત ગામેગામ યોજાતી મિટીંગોમાં, મેળાવડામાં સ્વખર્ચે જાય છે અને અધિવેશનમાં દરેક ગામના મંડળો દ્વારા વધુમાં વધુ સભ્યો હાજર રહે એવા પ્રયત્નોના ભાગરૂપે અધિવેશનના પાસનું વિતરણ પણ કરે છે. જેના કારણે તેઓના અથાગ પ્રયત્નોથી અવિરત સફળતાઓ મળતી રહી છે અને ભવિષ્યમાં પણ મળશે તેમાં શંકાને સ્થાન નથી.

૩૫માં રાષ્ટ્રીય અધિવેશનની જાહેરાત પહેલા જ માતાજીના આશીર્વાદથી અલગ–અલગ સૌજન્યો તથા દાતાશ્રીઓ મળી અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/– લાખની જાહેરાતો થયેલ છે અને આજના દિવસમાં હાજર રહેલા સભ્યો તરફથી વધુ સહકાર મળશે તેવી અપેક્ષા રાખુ છું.

અંતમાં ૩૪માં રાષ્ટ્રીય અધિવેશનને સફળ બનાવવા બદલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી પ્રમુખશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વલ્લભ વિદ્યાનગરના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા સમગ્ર ભારત ભરના ગામેગામના મંડળના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓ, શુભેચ્છકશ્રીઓ, ટૂંકમાં આ અધિવેશનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌનો આ તબક્કે હું આભાર માનું છું અને અહેસાનની લાગણી વ્યક્ત કરું છું.

આ તબક્કે એક એવી વ્યક્તિને આપણે યાદ કરવી પડે કે જેઓએ હું પ્રમુખ થયો (૨૦૦૪)થી મને આ પ્રવૃત્તિમાં ખૂબ જ મોટું બળ પૂરૂં પાડનાર દિવ્યાંગ અરવિંદભાઈ દવે તથા ફાલ્ગુનીબેન દિવ્યાંગભાઈ દવે તથા સ્વ. અરવિંદભાઈ એસ. દવે તથા સ્વ. ઈન્દિરાબેન એ. દવે દ્વારા મને દરે વર્ષે રૂ. ૧,૦૦,૦૦૦/–ની રકમ તેઓના સ્વજનશ્રી હેમંતભાઈ શેલત– ગાંધીનગર દ્વારા વગર માંગે દર વર્ષે અવિરતપણે મળતી રહી છે. પ્રસંગોપાત આ રકમમાં વધારો પણ થયેલ છે. અત્યાર સુધીના હિતવર્ધક સભાના દાતાશ્રીઓમાં એક જ વ્યક્તિ તરફથી મળેલ અંદાજિત રકમ રૂ. ૨૪ લાખ જે અવિસ્મરણીય છે અને ભવિષ્યમાં પણ તેઓ જ્યાં સુધી ના પાડે નહીં ત્યાં સુધી પ્રત્યેક વર્ષે રૂ. ૧ લાખ અવિરત પણે મળતા રહેશે આ તબક્કે તેઓશ્રીઓનો પણ સંસ્થા આભાર માને છે. પૈસા હોવા અને પૈસા સારા માર્ગે વાપરવા એનું આ એક જ્ઞાતિ સમાજ માટેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. સંસ્થા ક્યારેય આ રકમ માગવા ગઈ નથી દર વર્ષે આ રકમ અધિવેશન બંધ હોવા છતાં (કોરોનાને કારણે) ડિસેમ્બર આખરમાં મોકલી આપે છે.

આ અધિવેશનની આવક અંદાજિત ૧૧,૦૦,૦૦૦/–માંથી અંદાજિત ખર્ચ રૂ. ૬,૦૦,૦૦૦/–બાદ કરતા વધતી રકમ અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/– જેવી માતબર રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં જમા થશે. આ રકમ વધવાને આવકાશ છે.

આગામી ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૮–૧૨–૨૦૨૫ને રવિવારના રોજ, અંબા માતાજીના ચરણોમાં અંબાજી મુકામે યોજવાનું વિચારણા હેઠળ છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના નેજા હેઠળ આ અધિવેશન યોજાશે સ્થળ અને પ્રોગ્રામ આવનાર અંકોમાં તથા વ્હોટસ અપ માધ્યમથી આપશ્રીને જણાવવામાં આવશે. જેની નોંધ લઈ આપની અનુકુળતા પ્રમાણે અધિવેશનમાં હાજરી આપવાની અનુકુળતા ગોઠવશો.

– અસ્તુ.

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદનો ઇતિહાસ

## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન - અમદાવાદ, તા. ૨૯, ડિસેમ્બર, ૨૦૨૪

### મંત્રીશ્રી સમીરભાઈ એસ. દવેનો અહેવાલ



શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની સ્થાપનાનો વિચાર તા. ૦૯-૦૨-૧૯૮૬માં શ્રી સ્વામીનારાયણ સંસ્થાના પીઠ ગાદી સ્થાન વડતાલ મુકામે જ્યાં સાક્ષાત લક્ષ્મીનારાયણ દેવ બીરાજમાન છે એવા ધામમાં થયો. ત્યારબાદ જ્ઞાતિ સમાજના વિવિધ લોકો ભેગા થઈ, સભાઓ કરતા આ સભાઓમાં સમાજ સુધારાના ખ્યાલથી શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભા (એટલે કે જ્ઞાતિજનોનું હિત વધારનાર) નામ રાખવામાં આવેલું.

શ્રી અખીલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ જે બાજખેડાવાળ સમાજનું રાષ્ટ્રીય એકમ છે અને તે તેના નામથી કાર્યક્ષેત્રની ખબર પડે. મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાતિ સમાજની નિરાધાર વ્યક્તિને વિશિષ્ટ સહાય ફંડ દ્વારા દર માસે આર્થિક સહાય અપાય છે.

(૨) જ્ઞાતિ સમાજનું મુખપત્રક 'બાજખેડાવાળ પત્રિકા' દર માસે પ્રસિદ્ધ કરાય છે.

(3) સમાજના વિકાસ માટે રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવે છે.

(૧) હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડની રકમમાં વધારો કરવો તેનો કાયમી ટ્રસ્ટ ફંડ તરીકે સ્વીકારવો અને વ્યાજની રકમમાંથી જ વિશિષ્ટ સહાયની ચૂકવણી કરાય છે. છેલ્લા ૧૪ વર્ષના ગાળા દરમ્યાન વિવિધ સ્થળોએ અધિવેશન સંપન્ન કર્યા જેમાં જ્ઞાતિજનોના સાથ સહકારથી રકમમાં વધારો થયો છે. પ્રમુખશ્રી કિરીટભાઈ દવેએ સક્રિય કઠોર પરિશ્રમ તેમજ કુશળતા અને બાહોશ નેતૃત્વ પુરૂ પાડી વિશિષ્ટ સહાય ફંડની રકમ ૨૦૦૪માં રૂા. ૩૭,૭૦,૫૨૨/- થી ૩૧-૩-૨૦૨૩ના સુધી વર્ષમાં રૂા. **૨,૦૫,૦૦,૦૦૦/-** સુધી પહોંચાડી. દર માસે વિશિષ્ટ સહાય રૂા ૩૦ થી શરૂ કરી ૦૧-૦૮-૨૦૨૨થી માસિક રૂા. ૨૦૦૦/- આપણે ૫૫ કુટુંબને આપીએ છીએ. તેમજ નાની ઉંમરની ૬૦ વર્ષથી નીચેની ઉંમર ધરાવતી બહેનોના બાળકોને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી ફી પેટેની સહાય સંસ્થાની આવકની મર્યાદાને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે.

વિશિષ્ટ સહાય આગળના વર્ષોમાં વધારીને રૂ. ૨૫૦૦/- પ્રતિમાસ આપી શકીએ આ હિતવર્ધક સભાની લાગણી અને સ્વપ્ન સાકાર કરવા આવો આપણે સૌ ભેગા મળીને સહિયારો

પ્રયત્ન કરીએ....

(૨) બાજખેડાવાળ પત્રિકાના માધ્યમથી સમાચારો આપના સુધી પહોચાડવાનો નમ્ર પ્રયાસ થયો છે. લગ્નોત્સુક યુવક-યુવતિઓના જન્માક્ષર, અવસાન નોંધ, અભિનંદન, લેખો, સમાજને જાગૃત કરવાના, કેળવવાના તેમજ શહેર ગામના મંડળો દ્વારા થનાર અને થઈ ગયેલી પ્રવૃત્તિઓનું સમાચાર માધ્યમથી સંગઠનના ભાગરૂપે બજાવેલ અને થયેલ કામગીરી ઉત્કૃષ્ઠ જ્ઞાતિ સમાજને પહોંચાડવાની હોય છે. સમસ્તનો સહકાર સહયોગ લઈને અને આપીને સમાજને વધુ ઉજ્જવળ તેમજ આર્થિક રીતે સદ્ધર બનાવીએ.

પત્રિકાનું મહત્ત્વ દિવસે દિવસે ઘટતું જાય છે કારણ કે હાલ મિડીયાના માધ્યમથી આપણે પત્રિકા વ્હોટસ એપ, ફેસબુક, વેબસાઈટથી જતી હોય છે અને બહુ જુના સભ્યો કે જેઓએ રૂ. ૩૦૦/-માં પત્રિકા મંગાવતા હતા તેવા ૧૯૯૬ની સાલ સુધીના સભ્ય નંબર ૩૦૦૦ સુધીના સભ્યોને પત્રિકા બંધ કરવામાં આવી છે આમ છતાં હાલ આપણે ૨૦૦૦ પત્રિકાઓ છાપીએ છીએ. જ્ઞાતિજનો દ્વારા નવા સભ્યો પણ અવિરત બનતા રહ્યા છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદની સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં જણાવ્યા પ્રમાણે અધિવેશન ભરાયાં. હિતવર્ધક સભાનું પ્રથમ અધિવેશન તા. ૩૧-૧૨-૧૯૧૧ના ઉમરેઠ મુકામે શ્રી દિવાન બહાદુર રણછોડભાઈ દવેના પ્રમુખ સ્થાને મળેલુ હતું.

| | | | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧-૧૨-૧૯૧૧ | ઉમરેઠ | પ્રમુખ શ્રી દિવાનબહાદુર રણછોડભાઈ દવે |
| (૨) | તા. ૨૯-૧૨-૧૯૧૨ | ડાકોર | પ્રમુખ શ્રી ભાઈશંકર પંડ્યા |
| (૩) | તા. ૨૮-૧૨-૧૯૧૩ | ભરૂચ | પ્રમુખ શ્રી દામોદર જી. જોષી |
| (૪) | તા. ૦૪-૦૪-૧૯૧૫ | નડીયાદ | પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ મહેતા |
| (૫) | તા. ૨૩-૦૪-૧૯૧૬ | આણંદ | પ્રમુખ શ્રી વૈજનાથ પંડ્યા |
| (૬) | તા. ૩/૪-૦૪-૧૯૨૬ | મહુધા | પ્રમુખ શ્રી મંછારામ ભટ્ટ |
| (૭) | તા. ૧૮-૦૫-૧૯૪૭ | ઉમરેઠ | પ્રમુખ શ્રી ડૉ. ચંદુલાલ જોષી |

૧૯૪૭ થી ૧૯૭૨ સંસ્થા સુષુપ્ત રહી ત્યારબાદ

સંસ્થા ફરી સક્રિય થઈ જેના સ્વરૂપે આઠમું અધિવેશન ભરાયું.

| | | | |
|---|---|---|---|
| (૮) | તા. ૧૧-૦૬-૧૯૭૨ | અમદાવાદ | પ્રમુખ શ્રી ગણપતલાલ પી. ઠાકર |
| (૯) | તા. ૧૮-૧૧-૧૯૭૩ | નડીયાદ | પ્રમુખ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૦) | તા. ૨૨-૧૦-૧૯૭૪ | અમદાવાદ | પ્રમખુ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૧) | તા. ૨૦-૦૨-૧૯૭૮ | સુરત | પ્રમુખ શ્રી નાનુભાઈ હરિપ્રસાદ દવે |
| (૧૨) | તા. ૧૮/૧૯-૧-૧૯૭૯ | ઉમરેઠ | પ્રમુખ શ્રી નંદશંકર ઉમીયાશંકર દવે |
| (૧૩) | તા. ૦૮-૦૧-૧૯૮૯ | નડીયાદ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૪) | તા. ૨૬-૦૧-૧૯૯૦ | મદ્રાસ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૫) | તા. ૧૦-૦૪-૧૯૯૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી ઘનશ્યામપ્રસાદ શેલત |
| (૧૬) | તા. ૧૮/૧૯-૧૧-૦૨ | જબલપુર | પ્રમુખ શ્રી અશ્વિનભાઈ દવે |

૧૬મું અધિવેશન જબલપુર મુકામે ૧૨૦૦ ડેલીગેટની હાજરીમાં યોજાઈ ગયું.

| | | | |
|---|---|---|---|
| (૧૭) | તા. ૦૬-૦૨-૦૫ | શ્રી ક્ષીરજાંબા | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૮) | તા. ૨૪/૨૫-૧૨-૦૫ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૯) | તા. ૩૦/૩૧-૧૨-૦૬ | અમદાવાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૦) | તા. ૨૯/૩૦-૧૨-૦૭ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૧) | તા. ૨૭/૨૮-૧૨-૦૮ | અમદાવાદ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૨) | તા. ૨૬/૨૭-૧૨-૦૯ | મદ્રાસ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૩) | તા. ૨૫/૨૬-૧૨-૧૦ | વડતાલ | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૪) | તા. ૨૫-૧૨-૨૦૧૧ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૫) | તા. ૩૦-૧૨-૨૦૧૨ | વસો | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૬) | તા. ૨૮/૨૯-૧૨-૨૦૧૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૭) | તા. ૨૮-૧૨-૨૦૧૪ | મહેમદાવાદ | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૮) | તા. ૨૭-૧૨-૨૦૧૫ | મહુધા | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૯) | તા. ૨૫-૧૨-૨૦૧૬ | ઉમરેઠ | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૦) | તા. ૨૪-૧૨-૨૦૧૭ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૧) | તા. ૩૦-૧૨-૨૦૧૮ | આશાપુરી | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| (૩૨) | તા. ૨૬-૧૨-૨૦૧૯ | આણંદ | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| | ૨૦૨૦ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| | ૨૦૨૧ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| (૩૩) | તા. ૨૫-૧૨-૨૦૨૨ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૩૪) | તા. ૩૧-૧૨-૨૦૨૩ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૩૫) | તા. ૨૯-૧૨-૨૦૨૪ | અમદાવાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |

તા. ૨૨-૮-૨૦૦૪ના રોજ હિતવર્ધક સભાના અત્યાર સુધીના ઇતિહાસમાં નાની ઉંમરના ખુબ જ ઉત્સાહિત ખંતીલા, સેવાની ભેખ લઈને નિકળેલા શ્રી કિરીટભાઈ દવે પ્રમુખ મલ્યા જેમણે જ્ઞાતિ સમાજની કુળદેવીનું સ્થાન છે. એવા શ્રી ક્ષીરજમ્બા-ખેડબ્રહ્મા મુકામે ૧૭મું અધિવેશન ભરવાનો વિચાર રજૂ કર્યો. સાથે સાથે અંબાજી દર્શન પણ થાય તેવા શુભ આશય સાથે જંગલમાં મંગલ જેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જેમાં જ્ઞાતિસમાજના સભ્યો માટે ફક્ત રૂા. ૫૧/-નું રજીસ્ટ્રેશન રાખેલ હતું. હિતવર્ધક સભાના કારોબારી સભ્યો તેમજ અતિથિ વિશેષશ્રીઓ દ્વારા સુંદર સહયોગ સ્વરૂપે આ અધિવેશનના ૨૧૦૦ સભ્યોએ ભાગ લીધો.

સમગ્ર ખર્ચને બાદ કરતાં અધિવેશનની આવકની બચત રૂા. ૧,૭૩,૦૦૦/- રકમ વિશિષ્ટ સહાય ફંડ ખાતે લઈ જવામાં આવી.

૧૮મા અધિવેશનમાં આણંદ મંડળ દ્વારા રૂ. ૯૪,૦૦૦/-ની રકમ સભાને મળેલ.

૧૯મું રાષ્ટ્રીય અધિવેશન હિતવર્ધક સભા દ્વારા રૂ. ૨,૧૩,૩૩૬/-ની રકમ સભાને મળેલ છે.

૨૦માં અધિવેશન નડીયાદ દ્વારા રૂ. ૨૦,૦૦૦/- સભાને મળેલ છે.

૨૧માં રાષ્ટ્રીય અધિવેશન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ દ્વારા સભાને રૂા. ૫,૩૦,૦૦૦/- મળેલ છે.

૨૩મું રાષ્ટ્રીય અધિવેશન વડતાલ મુકામે હિતવર્ધક સભાના નેજા હેઠળ યોજાયેલ જેમાં સંસ્થાને રૂ. ૧,૩૨,૦૦૦/- મળેલ છે.

૨૪મું રાષ્ટ્રીય અધિવેશન બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા સભાના કુલ ૨,૩૪,૦૦૦/- મળેલ છે.

૨૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં પણ રૂ. ૩,૫૩,૦૦૦/- જેટલી વિશિષ્ટ સહાય ફંડમાં રકમ મળેલ છે.

૨૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં અમદાવાદ ખાતે રૂ. ૧૨ લાખ જેવી રકમ સભાને મળેલ છે.

૨૭માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહેમદાવાદ સમાજ દ્વારા રૂ. ૨,૩૮,૮૬૫/- સભાને મળેલ છે.

૨૮માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહુધા સમાજ દ્વારા રૂ. ૧,૧૧,૧૧૧/-સભાને મળેલ છે.

૨૯માં રાષ્ટ્રીય અધિવેશનમાં ઉમરેઠ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના દ્વારા રૂ. ૧૦,૫૫,૦૦૦/-ની રકમ સભાને એકત્રિત કરેલ છે.

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં ક્ષીરજામ્બા મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૫,૦૯,૬૦૨/-ની રકમ એકત્રિત કરેલ છે.

૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં આશાપુરી મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૪,૦૧,૧૫૦/-ની રકમ એકત્રિત કરેલ છે.

૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના દ્વારા રૂ. ૫,૫૦,૦૦૦/-ની રકમ સભાને મળેલ છે.

૩૩માં રાષ્ટ્રીય અધિવેશનમાં આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના દ્વારા રૂ. ૪,૮૫,૦૦૦/-ની રકમ સભાને મળેલ છે.

૩૪માં રાષ્ટ્રીય અધિવેશનમાં નડિયાદ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૮,૮૫,૦૦૦/-ની રકમ એકત્રિત કરેલ છે.

૧૯૭૨ થી આ સંસ્થાને સજીવન કરવામાં આવેલ. તે વખતના પ્રમુખશ્રીઓએ જુદા જુદા ગામોની મિલકત માટે, વસતિપત્રક માટે, લગ્નપ્રથા, તેમજ સંસ્થાને બંધારણીય દૃષ્ટિએ વ્યવસ્થિત કરવાના પ્રયત્નો કર્યા.

આ વિશિષ્ટ સહાય ફંડ ભેગુ કરવામાં જ્ઞાતિના ભૂતપૂર્વ પ્રમુખો, હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ તથા જ્ઞાતિજનો દ્વારા સંસ્થાને એક યા બીજી રીતે આર્થિક સહાય પૂરી પાડવામાં સિંહફાળો રહેલો છે. ૧૯૭૬માં રૂ. ૧૨ થી શરૂ કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ સહાયની રકમ વધતા ૧૯૮૬માં રૂા. ૫૦, ૧૯૯૮-૯૯માં રૂા. ૧૫૦/- ત્યારબાદ રૂા. ૧૮૦/-, રૂા. ૨૦૦/, રૂા. ૨૫૦/- રૂા. ૪૨૫/-, રૂા. ૪૭૫/-, રૂ. ૬૦૦/- તેમજ ૧-૧૨-૨૦૧૪થી રૂ. ૭૫૦/-, તા. ૧-૧૨-૨૦૧૫થી રૂ. ૧૦૦૦/-, તા. ૨૮-૧-૨૦૧૮થી રૂ. ૧૩૦૦/- આપવાના શરૂ કરેલ છે. જે રકમ હવે તા. ૦૧-૦૮-૨૦૨૨થી રૂ. ૨૦૦૦/- આપવાનું ઠરાવેલ છે.

ચાલુ સાલે તા. ૩૧-૦૩-૨૦૨૪ના રોજ રૂ. ૨ કરોડ ૧૬ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)

હાલ ૩૪ બહેનો x રૂ. ૨૦૦૦/– = રૂ. ૬૮,૦૦૦/– પ્રત્યેક માસે એક કુલ મળી વાર્ષિક રૂ. ૮,૧૬,૦૦૦/–ની માતબર રકમ વિશિષ્ટ સહાય પેટે આપવામાં આવે છે. જેથી વહીવટદારોના સુઝબુઝથી પોતાના ફંડને વધુમાં વધુ આવક મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે અને આ રકમો ચૂકવાય છે. આમ ઉત્તરોત્તર પ્રગતિ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

હાલની મોંઘવારીમાં વિશિષ્ટ સહાયની રકમ ઓછી ગણાય. દેશ–વિદેશમાં વસતા આપણા સગાસંબંધી મિત્ર વર્તુળમાં સર્વે જ્ઞાતિજનોને વિનંતી સહ ફરીથી વિશિષ્ટ સહાય ફંડની રકમ વધારે ભેગી કરી તેના વ્યાજમાંથી અપાતી રકમ વધારે ચુકવી શકીએ તેવા ઘનિષ્ઠ પ્રયાસો હિતવર્ધક સભા આપના દ્વારા કરે છે જેને આપ સર્વે બળ આપી વધારી જ્ઞાતિ સમાજના નિરાધાર – શારિરીક અશક્ત અને જરૂરીયાત મંદ વ્યક્તિઓને સહાય કરવાનો પ્રયાસ કરીએ.

વિશિષ્ટ સહાય ફંડમાં વધારો કરવા માટે આપ મોટી રકમથી સહાય કરી શકો તેવું જ નથી આપના દ્વારા અપાયેલ નાનામાં નાની રકમ પણ "ટીપે ટીપે સરોવર" ભરાય તેવી મદદરૂપ થઈ શકે છે. આપનો જન્મદિવસ હોય, આપની લગ્નની તિથી હોય, માતા–પિતા, દાદા–દાદી, ભાઈ–બહેન કે કુટુંબના કોઈ સ્વજન વિશેષ સિદ્ધિ મેળવી હોય તેવી માહિતી સાથે યોગ્ય રકમ આપી આ વિશિષ્ટ સહાય ફંડને વધારવામાં ખૂબ જ ઉપયોગી બની શકો છો. આપની આ નાની–નાની સહાય કેટલો મોટો ફંડ બની જશે.

કાળક્રમે કોરોના મહામારીના પગલે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને મળતી રકમોમાં થોડી ઓટ આવી છે તેવું કહીએ તો અસ્થાને નથી આપશ્રી આપના કુટુંબના સારા નરસા પ્રસંગે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપશે તો પણ બધી રકમ ભેગી થતા દિવસે દિવસે ઉત્તરોતર ફંડ વધારવામાં મદદ રૂપ થશે અમારા અનુભવ પ્રમાણે છેલ્લા ચાર વર્ષમાં અધિવેશનની આવક સિવાય અન્ય આવકો નહિવત થયેલ છે. હવે આ પરિસ્થિતિમાંથી જલદીથી બહાર આવી આપણા સમાજની વિધવા–ત્યક્તા બહેનોને વધુ મદદરૂપ થવાના પ્રયત્ન કરવા પડશે. તમને કદાચ એવું લાગતું હશે કે માતબર રકમ સંસ્થા પાસે ભેગી થઈ ગઈ છે. પરંતુ સાથે સાથે વ્યાજના દરો ઘટતા વ્યાજની આવક ઓછી થવાથી આ રકમમાં કદાચ ઘટાડો કરવાની પરિસ્થિતિ ના આવે તે જોવાની આપણી સહયારી ફરજ છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો જ્ઞાતિ સમાજના તમામ ભાઈઓ–બહેનો દ્વારા આ ભગીરથ યજ્ઞને પાર પાડવા જે કોઈ સહકાર આપેલ છે. તે બદલ સૌનો આભાર. આપ સર્વે જ્ઞાતિજનોને કોટી કોટી અભિનંદન.

**– સમીરભાઈ દવે (મંત્રીશ્રી)**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - અતિથિ વિશેષશ્રી



### ડૉ. રમેશભાઈ મનુભાઈ દવે

ડૉ. રમેશભાઈ નો જન્મ ઉમરેઠમાં ડૉ. મનુભાઈ ધીરજલાલ દવે તથા માતૃશ્રી મણીબેનને ત્યાં તા. ૧૮-૦૩-૧૯૩૮ના રોજ થયો હતો. તેઓ એ પ્રાથમિક શિક્ષણ મહાબળેશ્વરમાં, કોલેજ શિક્ષણ વિદ્યાનગરમાં તથા તબીબી અભ્યાસ ઈ.સ. ૧૯૬૪માં નડીયાદ આયુર્વેદીક કોલેજમાંથી GFAM, LMP ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

ઈ. સ. ૧૯૬૪માં તેમના લગ્ન ડૉ. વિનોદાબેન (BSAM,LMP) સાથે થયેલ અને તેમનો સાથ સહકાર મળેલ. તેઓશ્રી ૧૯૯૬માં કામદાર રાજ્ય અધિકારીના પદેથી નિવૃત થયા. તા. ૦૧-૧૧-૧૯૬૪ની ગુજરાત આરોગ્ય અને તબીબી વિભાગમાં તબીબી અધિકારીના સ્થાન પરથી સેવા શરૂ કરી. તેમના તબીબીક્ષેત્રેની સેવામાં રાજભવન દવાખાનું તથા અન્ય દવાખાનામાં પ્રામાણિકપણે નિષ્ઠાપૂર્વક સેવા બજાવી. તા. ૩૧-૦૩-૧૯૯૬ ના રોજ નિવૃત થયેલ છે.

તેઓને સમાજસેવામાં વિશેષ રસ હોવાથી હાલમાં નિવૃતિના સમયે પણ સત્સંગસેવા, સામાજીક સેવામાં કાર્યરત છે. તેઓશ્રી જ્ઞાતિસમાજના વિવિધ મંડળમાં તન, મન અને ધનથી સેવા આપી રહ્યા છે. તેમના પુત્ર શ્રી સૌમિલભાઈ બી.ઈ. (મીકેનીક) તથા એમ.બી.એ. કરેલ છે. જેઓ રેઈનબો પેપરમાં પરચેઝ મેનેજર તરીકે સેવા આપી રહ્યા છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – અતિથિ વિશેષશ્રી



### શ્રી નીરવ મહેન્દ્રભાઈ દવે

આપણી જ્ઞાતિના યુવાન, ખંતીલા અને નિરાભિમાની યુવા કાર્યકર શ્રી નિરવભાઈનો જન્મ તા. ૨૭-૦૭-૭૭ના રોજ અમદાવાદ મુકામે થયેલ. તેઓ ઉમરેઠના વતની છે. શાળાનું શિક્ષણ ગાંધીનગરથી મેળવી સેન્ટ ઝેવિયર્સ કોલેજ અમદાવાદ ખાતે એમ.એસ.સી.સુધી અભ્યાસ કરેલ. તેઓ શાળા તથા કોલેજના શિક્ષણ દરમિયાન ટ્રેકીંગ તથા ક્રિકેટનો શોખ ધરાવતા હતા.

અભ્યાસ પૂરો કર્યા બાદ નોકરી ન કરવી અને કોઈ ધંધો જ કરવો તેવા સંકલ્પ સાથે ગાંધીનગરમાં કોમ્પ્યુટરના કલાસથી શરૂઆત કરેલ. સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ પી.ટી.સી. કોલેજની શરૂઆત કરેલ. સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ પી.ટી.સી. કોલેજની સ્થાપનાથી ટ્રસ્ટી તરીકે સેવા આપેલ છે. ૨૦૦૬માં શિક્ષણ ક્ષેત્રે કરેલ પ્રદાન બદલ UNO અને IAEWP તરફથી "નેશનલ એવોર્ડ ફોરએક્સેલન્સ ઈન એજ્યુકેશન ડેવલોપમેન્ટ"નો એવોર્ડ એનાયત થયેલ. તેઓએ સમય જતાં શિક્ષણ સાથે ટ્રેડિંગનો વ્યવસાય શરૂ કર્યો. નીરવભાઈ ગાંધીનગર ખાતે "ૐ કોમ્યુનિકેશન" નામના મોબાઈલના શો રૂમની માલિકી ધરાવે છે તેનું સંચાલન તેમના પત્ની મીરાબેન કરે છે. નિરવભાઈ ગાંધીનગર ખાતે "ૐ એન્ટરપ્રાઈઝ" નામની કંપનીની માલિકી ધરાવે છે આ કંપની પાસે એરટેલ કંપનીની ગાંધીનગરની ડીસ્ટ્રીબ્યુટરશીપ છે. તેઓનો પુત્ર યજત માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરે છે.

નિરવભાઈનું કુટુંબ જ્ઞાતિની સેવાને વરેલ છે. તેમના પિતાશ્રી મહેન્દ્રકુમાર દવે રાજ્ય સરકારની સેવામાંથી સંયુક્ત સચિવ તરીકે નિવૃત્ત થયેલ છે. હાલમાં પણ નિવૃતિ પછી ખાતાકીય તપાસ અધિકારી તરીકે સેવા આપે છે. ગાંધીનગર બાજખેડાવાળ મંડળના વર્ષો સુધી પ્રમુખ હતા. હાલમાં શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ અમદાવાદના ટ્રસ્ટી તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્ય છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળના ઉપપ્રમુખ છે. નિરવભાઈના માતૃશ્રી ભારતીબેન દવે કેન્દ્ર સરકારની સેવામાંથી નિવૃત્ત થયેલ છે. તેઓશ્રી પણ હાલમાં શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ સંચાલિત અન્નપૂર્ણા યોજનાના ટ્રસ્ટી છે. નિરવભાઈના કાકા શ્રી અરૂણભાઈ દવે પણ જ્ઞાતિના જુદા જુદા મંડળો સાથે સંકળાયેલા છે.

નિરવભાઈનું કુટુંબ જ્ઞાતિની તથા અન્ય સામાજિક સંસ્થાઓને તન-મન-ધનથી સેવા આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - અતિથિ વિશેષશ્રી



**શ્રી જૈના ખંજન દણાંક**

| | | |
|---|---|---|
| નામ | : | જૈના ખંજન દણાંક |
| જન્મતારીખ | : | ૦૮-૦૮-૧૯૮૭ |
| જન્મસ્થળ | : | નડિયાદ |
| પિતાનું નામ | : | મદનલાલ કિશનલાલ ખંભોળજા |
| માતાનું નામ | : | કાશ્મીરાબેન મદનલાલ ખંભોળજા |
| સાસુ | : | હરસુતાબેન જયેન્દ્રભાઈ દણાંક |
| સસરા | : | જયેન્દ્રકુમાર શીવપ્રસાદ દણાંક |
| અભ્યાસ | : | બી.કોમ. |
| લગ્ન | : | અમદાવાદ |
| પતિનું નામ | : | ખંજન જયેન્દ્રકુમાર દણાંક |
| | | આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, બ્રાન્ચ - મેનેજેર, અમદાવાદ |
| બાળક | : | ૧-દિકરો-કિર્તન-અભ્યાસ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - અતિથિ વિશેષશ્રી



**શ્રી વિર્સંગ વિજયકુમાર ઠાકર**

નામ : વિર્સંગ વિજયકુમાર ઠાકર
પપ્પા : વિજયકુમાર ઠાકર મમ્મી : ધર્મિષ્ઠાબેન ઠાકર
ભણતર : M.B.B.S. વતન : ઉમરેઠ

તેઓના માતાશ્રી શ્રી ધર્મિષ્ઠાબેનનો જન્મ તા. ૨૪-૧૧-૧૯૬૯ના રોજ થયો હતો. તેમનું મૂળ વતન ઉમરેઠ છે. તેઓએ અંગ્રેજી વિષય સાથે એમ.એ.ની ડીગ્રી મેળવેલ છે અને હાલ તેઓ આર. એચ. પટેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજ નવા વાડજ ખાતે લેક્ચરર છે. હાલ તેઓ સી-૨૦૩, શાંતિનિકેતન એપાર્ટમેન્ટ, મેમનગર, એચ.બી. પટેલ કાપડીયા સ્કૂલ સામે, ગુરુકુળ રોડ, અમદાવાદ ખાતે રહે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - અતિથિ વિશેષશ્રી



**શ્રી પરંતપ સૂર્યકાંતભાઈ ઠાકર (બકાભાઈ)**



**શ્રી દીપાબેન પરંતપભાઈ ઠાકર**

જન્મતારીખ : ૧૭-૦૪-૧૯૫૪
અભ્યાસ : એફ.વાય. બી.એ.,
મૂળ વતન : ઉમરેઠ, હાલ - અમદાવાદ
વ્યવસાય : નોકરી - વહીવટી અધિકારી કલાસ-૨,
ગુજરાત હાઉસીંગ વ્હેરહાઉસ કોર્પોરેશન (હાલ નિવૃત્ત)
પત્ની : દીપાબેન પરંતપ ઠાકર
પુત્રી : ઈશા પરંતપ ઠાકર, ઋચા પરંતપ ઠાકર
લગ્નતારીખ : ૦૧-૦૫-૧૯૮૧ હાલ તેઓ અમદાવાદ ખાતે નિવૃત્ત જીવન જીવે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - અતિથિ વિશેષશ્રી



### શ્રી જિગીષા ભાર્ગવ દવે

શ્રીમતી જિગીષા ભાર્ગવ દવે એક પ્રતિભાશાળી અને મજબૂત કાર્યક્ષમતા ધરાવતી વ્યાવસાયિક છે, જેમણે વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા અને પરિશ્રમથી ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમણે પોતાની શૈક્ષણિક યાત્રા સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી શરૂ કરી, જ્યાં જીનેટિક્સ અને બાયોટેકનોલોજી વિષયમાં તેમણે અનુક્રમે B.Sc. અને M.Sc. પૂર્ણ કરી, શ્રેષ્ઠ પરિણામો સાથે યુનિવર્સિટીમાં B.Sc.માં બીજું સ્થાન (સેકન્ડ રેંક) મેળવ્યું. જે તેમની મહેનત અને જ્ઞાનનું પ્રતિબિંબ છે.

જિગીષા દવેના કરિયર પથ પર પહેલું મોટું પગલું સાયન્સ સીટી, અમદાવાદમાં હતું. જ્યાં તેમણે બાયોડાયવર્સિટી પર કામ કર્યું અને ગુજરાતના ટોપ ૩૦ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનો અવસર પ્રાપ્ત થયો. આ અનુભવ દ્વારા તેમણે આગળ વધતી પેઢી માટે વૈજ્ઞાનિક ક્ષેત્રમાં રસ અને પ્રેરણા પ્રદાન કરી.

એ પછી, તેમણે ૭ વર્ષ સુધી સરદાર પટેલ યુનિવર્સિટીથી સંકળાયેલા કોલેજોમાં વ્યાખ્યાતા/લેક્ચરર તરીકે સેવાઓ આપીને શિક્ષણક્ષેત્રમાં પણ પોતાના યોગદાન આપ્યું.

જિગીષા દવે એક એવી વ્યક્તિ છે, જેમણે નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રસ (ગુજરાત રાજ્ય સ્તરે)માં ૩ વર્ષ સુધી સાયન્ટિફિક જ્યુરી તરીકે સેવા આપી છે. આ દરમ્યાન, તેમણે વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક વિચારધારાને પ્રોત્સાહન આપ્યું અને નવો દૃષ્ટિકોણ વિકસાવવા માટે અલગ-અલગ પ્રયોગો/રિસર્ચ પર કામ કર્યું.

તે સાથે જ, જિગીષા દવેને નેશનલ કેડેડ કોર્પ્સ (આર્મી વિન્ગ)માં "C" સર્ટિફિકેટ અને લેફ્ટિનેન્ટની પદવી પ્રાપ્ત કરવાનું સન્માન મળ્યું છે. આ પદવી તેમને લીડરશિપ અને અનુશાસનના મહત્વનો અનુભવ આપે છે.

જિગીષા દવેનો કળા પ્રત્યેનો શોખ પણ છે, જેમાં તેમને કથ્થક નૃત્યમાં વિશારદની પદવી બે યુનિવર્સિટી (મુંબઈ અખિલ ભારતીય સંગીત વિદ્યાલય અને અમદાવાદના બૃહદ ગુજરાત સંગીત સમિતિ)માંથી પ્રાપ્ત કરી છે.

તેઓ ગાયન, ગ્રાફિક ડિઝાઈનિંગ અને સનાતનના સંપ્રદાકિ પુસ્તકો વાંચવાનો ગહન શોખ ધરાવતી વ્યક્તિ છે, જે તેમને એક સર્વાંગીણ વ્યક્તિ બનાવે છે.

હાલમાં, જિગીષા દવે આઈ.ટી. ઉદ્યોગમાં પબ્લીક લિમિટેડ કંપનીમાં કાર્યરત છે, જ્યાં તેઓ નવી ટેકનોલોજી અને પ્રોજેક્ટસ પર કામ કરી રહ્યા છે.

જિગીષા દવેનું જીવન એ સમર્પણ, શ્રેષ્ઠતા અને પ્રેરણાનું ઉદાહરણ છે અને તેઓ શ્રેષ્ઠતા માટે સતત પ્રયત્નશીલ રહે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – મુખ્ય મહેમાનશ્રી



## ડૉ. ભરતકુમાર આર. ભટ્ટ
## ડૉ. કોકિલાબેન બી. ભટ્ટ

કહેવાયું છે ને જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ ચડિયાતી છે આ ભાવ ડૉ. ભરતભાઈના સૂરમાં ચરિતાર્થ થતો દૃશ્યમાન થાય છે.

પિતા રવિશંકર છોટાલાલ ભટ્ટ – સાધુ જીવડો, તો વળી માતા શાન્તાબહેન રવિશંકર ભટ્ટ ધર્મપરાયણ, કર્તવ્યનિષ્ઠ, પરગજુ તેમજ અતિશય ઉદ્યમી. આમ, આ પ્રસન્ન દંપત્તી – રવિશંકર ભટ્ટ તથા શાંતાબેન ભટ્ટના કુલ આઠ સંતાનો સર્વશ્રી જગદીશચંદ્ર ભટ્ટ, મધુસુદન ભટ્ટ, સુવર્ણાબેન જોશી, પન્નાબેન ઠાકર, સુધીરચંદ્ર ભટ્ટ, ભરતકુમાર ભટ્ટ, કિરણકુમાર ભટ્ટ તથા હરીશકુમાર ભટ્ટ આ શ્રેણીમાં ભરતકુમારનો છઠ્ઠો નંબર.

તા. ૨૮–૧૨–૧૯૫૧ના રોજ માંડવી જિ. સુરત ખાતે ભરતકુમારનો જન્મ થયો અને શરૂ થઈ જીવનની સફર.

ધો–૫ સુધીનું પ્રાથમિક શિક્ષણ ઓલપાડ ખાતે મેળવ્યું તેમજ ધો. ૬ થી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ એચ. એમ. દવે ઉચ્ચત્તર માધ્યમિક શાળા–ઉમરેઠ ખાતે મેળવ્યું. ૧૯૬૮માં કુમાર ભરત જ્યારે એસ.એસ.સી.માં હતા ત્યારે આખાય ઉમરેઠ સેન્ટરમાં તે પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા હતા.

કળતર હોય, નડતર હોય છતાં પણ જેને કેડી કંડારવી છે તે, તો પગદંડી બનાવીને ચાલ્યા જ કરે છે. ત્યારબાદ વી. પી. સાયન્સ કોલેજ – વલ્લભવિદ્યાનગર ખાતે પ્રી સાયન્સનો અભ્યાસ કરેલ છે તે દરમિયાન તેઓ શ્રી બાજખેડાવાળ છાત્રાલયમાં જ નિવાસ કરેલ છે. એમ. એસ. યુનિવર્સિટી વડોદરા ખાતે પ્રી. મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે તેમજ મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે કરેલ છે. ૧૯૭૬માં પી.એચ.સી. શિવરાજપુર ખાતે નોકરીમાં જોડાય છે. ૧૯૭૭માં સરકારી હોસ્પિટલ રાજપીપળા ખાતે જોડાય છે. તા. ૧૫–૫–૧૯૭૮ રોજ અમદાવાદ મણિનગર નિવાસી નરેન્દ્રભાઈ ભટ્ટ તથા સુવર્ણાબેન

ભટ્ટના સુપુત્રી ડૉ. કોકિલાબેન ભટ્ટ સાથે પ્રભુતાના પગલાં માંડે છે તો, ડૉ. કોકિલાજી પણ દૂધમાં સાકર ભળે તેમ ભટ્ટ પરિવારમાં ભળી જાય છે.

ઈ.સ. ૧૯૮૧ની સાલ ભરતભાઈના જીવનમાં નવી આશાના કિરણો તેડી લાવે છે. આરોગ્ય મંત્રાલય-ઝામ્બિયા ખાતે બે વર્ષના કોન્ટ્રાક્ટથી લુસાકા ખાતે તેઓ જાય છે. પછી તો તે કોન્ટ્રાક્ટ ચાલુ રહે છે અને ઝામ્બિયા તેમની કર્મભૂમિ બની જાય છે. ૧૯૮૭માં Z.C.C.M. Cooper Mines Hospital માં જોડાય છે, તે સેવાઓ વર્ષ ૨૦૦૨ સુધી અવિરત રહે છે. સોનામાં સુગંધ ભળી ૨૦૦૨માં જ્યારે તેઓ પોતાનું દવાખાનું ખોલે છે. તે આજસુધી કાર્યરત છે. ડૉ. ભરતભાઈ તથા ડૉ. કોકિલાબેનના બે સંતાનો પૈકી મોટા દીકરા ચિ. ચિરાગ ભટ્ટ, પુત્રવધુ આરતી ભટ્ટ તથા તેમના બે સંતાનો ચિ. દિયા અને ચિ. રાહી ભટ્ટ અમેરિકા સ્થાયી થયા છે. પુત્ર અને પુત્રવધુ બંને નોકરી કરે છે. તેમ જ નાના દીકરા ડૉ. હાર્દિક ભટ્ટ, પુત્રવધુ અમૃતા ભટ્ટ તથા તેમનાં સંતાનો ચિ. નીઅમ ભટ્ટ અને ચિ. ઈશાન ભટ્ટ સાથે અમેરિકા જ સ્થાયી થયા છે. ડૉ. હાર્દિકભાઈ દાંતના ડૉક્ટર છે.

ભરતભાઈ સેવાક્ષેત્રમાં યથા યોગ્ય સહકાર માટે હંમેશા કટિબદ્ધ રહ્યા છે. જ્ઞાતિના તમામ મંડળોમાં જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ફૂલ નહીંને ફૂલની પાંખડી યોગદાન આપતા રહ્યા છે.

ડૉ. ભરતભાઈ દાક્તરી વ્યવસાય ઉપરાંત ઝામ્બિયા ખાતે વિવિધ શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ખૂબ જ સક્રિયતાથી રસ લે છે. એ પછી Ndola હિન્દુ સમાજની વાત હોય, લ્યુઆન્સા હિન્દુ સમાજની વાત હોય, રોટરી કલબની વાત હોય તેમજ વર્ષ ૨૦૦૫માં લ્યુઆન્સા હિન્દુ એસોસિએશનના પ્રમુખ તરીકે તેમજ મિશન મેડીકેર સંસ્થામાં તે સૌમાં તેમના સેવાની સુવાસ અત્તરની જેમ મહેંકી રહી છે. તેમની તમામ પ્રવૃત્તિઓમાં તેમના અર્ધાંગીની ડૉ. કોકિલાબેન ભટ્ટ પણ સુસજ્જતાથી તેમની પડખે જ ઉભા રહ્યા છે.

વ્યવસાયે ડૉ. કોકિલાબેન દાંતના નિષ્ણાંત તબીબ છે.

ખરેખર ! આ તબીબ બેલડીની આટલા લાંબા ગાળાની સેવા સાધના તેમજ ઘડાયેલી કારકિર્દીના મૂળમાં માતા શાંતાબેન તથા પિતા રવિશંકર ભટ્ટના સંસ્કારો જ છે. ભરતભાઈ સ્વભાવે ખૂબ જ લાગણીશીલ છે તેઓ આટલા વર્ષોથી વિદેશ છે છતાં આટલા દૂરથી પણ તેમનો પ્રેમ રામાયણના 'ભરત' જેવો છે. તેઓ કૌટુંબિક જવાબદારીઓ પણ સાતત્યપૂર્વક નિભાવી રહ્યા છે.

તાજેતરમાં જ તા. ૨૪-૧૦-૨૦૨૪ના રોજ ઝામ્બિઆના મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના વરદ્ હસ્તે ડૉ. ભરતભાઈ અને કોકિલાબહેનનું ૪૩ વર્ષની ઝામ્બિઆ ખાતેની સુદીર્ઘ સેવાઓ બદલ જાહેર નાગરિક સન્માન કરવામાં આવ્યું હતું. આ અત્યંત આનંદ અને ગૌરવની બાબત છે.

આજે ગૌરવપૂર્વક સમાજમાં આ હૃદયસ્થ રવિશંકર છોટાલાલ ભટ્ટ પરિવાર દિવ્યતા અને ભવ્યતાથી પોતાની આગવી સોડમ પ્રસરાવી રહ્યા છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - મુખ્ય મહેમાનશ્રી



### શ્રી મૌલિક જીતેન્દ્રભાઈ શેલત

| | | |
|---|---|---|
| નામ | : | મૌલિક જીતેન્દ્રભાઈ શેલત |
| પિતાનું નામ | : | જીતેન્દ્રભાઈ ચંપકલાલ શેલત |
| માતાનું નામ | : | કૈલાસબેન જીતેન્દ્રભાઈ શેલત |
| પત્નીનું નામ | : | અમીષા મૌલિક શેલત |
| પુત્રનું નામ | : | મેઘ મૌલિક શેલત |
| સરનામું | : | ૭૫, નિહારીકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, સેટેલાઈઠ, અમદાવાદ-૧૫ |
| જન્મતારીખ | : | ૦૪-૦૬-૧૯૭૬ |
| જન્મસ્થળ | : | મુંબઈ |
| વતન | : | ઉમરેઠ |
| અભ્યાસ | : | B.Sc., L.L.B. |
| સનદનું વર્ષ | : | ૦૮-૦૮-૧૯૯૯ |
| કારકીર્દી | : | એડવોકેટ તરીકે મા. ગુજરાત હાઈકોર્ટમાં સને ૧૯૯૯થી પ્રેકટીસ કરતા હતા અને તમામ પ્રકારના કેસો ચલાવતા હતા. |
| નિમણુંક | : | તેઓની નામદાર સુપ્રીમકોર્ટના પ્રથમ ત્રણ ન્યાયાધીશો દ્વારા મા. ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે પસંદગી થતા, માનનીય રાષ્ટ્રપતિ દ્વારા તેઓની નિમણૂંક મા. ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે તારીખ ૧૦-૧૦-૨૦૨૪ના રોજ કરવામાં આવેલ છે. |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના – મુખ્ય મહેમાનશ્રી



### શ્રી સુધીરચંદ્ર રવિશંકર ભટ્ટ
### શ્રીમતી કુસુમબહેન એસ. ભટ્ટ

સ્વભાવે સરળ, સહજ, ધર્મનિષ્ઠ અને સેવાશીલ એવા સુધીરભાઈ ભટ્ટને બાળપણથી જ ધાર્મિક અને આધ્યાત્મિક વારસો તેમના પૂ. પિતાશ્રી તરફથી મળ્યો.

ઓલિયા–સાધુ જેવી ફકીરી જેમના જીવનમાં જોવા મળે તેવા પ્રભુભક્તિમાં તલ્લીન શ્રી રવિશંકર છોટાલાલ ભટ્ટ અને શાંતાબહેન રવિશંકર ભટ્ટના કુલ આઠ સંતાનો પૈકી પાંચમા ક્રમે શ્રી સુધીરચંદ્ર ભટ્ટ છે.

તા. ૮–૧૧–૧૯૪૯ના રોજ છોટે કાશી કહેવાતા ઉમરેઠ મુકામે તેમનો જન્મ થયો હતો. બાળપણમાં પરિવારની સામાન્ય પરિસ્થિતિ એટલે ભણતરની સાથે સાથે જીવન ઘડતરના પાઠો, ગણતરલક્ષી શિક્ષણ મેળવ્યું.

બી.એસ.સી. સુધીનો અભ્યાસ કરી સુધીરભાઈ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નોકરીમાં જોડાયા વર્ષ ૧૯૭૦ થી ૨૦૦૬ સુધી વિવિધ હોદ્દાઓ ઉપર સેવારત રહી તેઓ સેવા નિવૃત્ત થયા. તા. ૧–૩–૧૯૭૫ના રોજ મૂળ સોજીત્રાના પણ વર્ષોથી મદ્રાસ ખાતે સ્થાયી થયેલા શ્રી રમણલાલ ઉમિયાશંકર ઠાકર તથા શ્રી મધુબહેન રમણલાલ ઠાકરના સુપુત્રી કુસુમબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સુ.શ્રી કુસુમબહેને પણ બી.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો છે. કુસુમબહેન પણ સ્વભાવે સરળ, શાંત, પ્રેમાળ અને પરગજુ છે.

સુધીરભાઈના સમગ્ર પરિવારમાં પરિવાર ભાવના, સમાજોપયોગી થવાની લાગણીના દર્શન થાય છે. સુધીરભાઈ અને કુસુમબહેનના બે સંતાનો છે.

(૧) પુત્ર–જિગર ભટ્ટ, પુત્રવધુ–આકૃતિ ભટ્ટ તેમને બે દીકરીઓ–નિયતિ અને કાવ્યા છે.

(૨) પુત્ર જિગિષ ભટ્ટ, પુત્રવધુ–કૃપા ભટ્ટ તેમને બે દીકરીઓ–ધીમહિ અને હેરત છે.

વર્ષોથી સુધીરભાઈ અને તેમનો પરિવાર વડોદરા સ્થાયી થયા હતા તેથી હાલ વડોદરા ખાતે નિવૃત્ત જીવન જીવી રહ્યા છે.

શ્રી સુધીરભાઈ ભટ્ટ – છેલ્લા ૧૫ વર્ષથી વડોદરા સ્થિત શ્રી મહારૂદ્ર હનુમાન સેવા સંસ્થાનમાં સક્રિય કાર્યકર્તા તરીકે કાર્યરત છે.

શ્રી બાજખેડાવાળ સમાજ – વડોદરા સાથે પણ વર્ષોથી જોડાયેલા છે તેમાં પણ ખજાનચી તરીકે વર્ષો સુધી સેવાઓ આપી હતી. હાલમાં કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર – વાડી, વડોદરા નાથજી સત્સંગ મંડળ, શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રયોજક સમિતિ–ઉમરેઠના સભ્ય તરીકે સેવાઓ આપેલ છે.

હાલમાં પણ ઉપરની સંસ્થાઓ સાથે તેમજ અન્ય સામાજિક – ધાર્મિક ઉપક્રમોમાં મદદ માટે તેઓ અગ્રેસર છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદના - દાતાશ્રી



**શ્રી પ્રકાશભાઈ ગજાનંદ પંડ્યા**

જન્મ તા. ૨૪-૦૨-૧૯૫૧

શ્રી પ્રકાશભાઈના પિતાજી સ્વ. ગજાનંદ દેવશંકર પંડ્યાના લગ્ન મૂળવતન આણંદના શ્રી સદ્ગુણાબેન સાથે થયા. તેમના પરિવારમાં ચાર પુત્રી તથા બે દિકરા છે. તા. ૨૪-૨-૧૯૭૧ના દિવસે પિતાની છત્રછાયા ગુમાવી અને પરિવારની સંપૂર્ણ જવાબદારી તેમના શિરે આવી ગઈ. નાની ઉંમરમાં જ ભગવાને જીંદગીના દરેક પાઠ શ્રી પ્રકાશભાઈને શીખવાડી દીધા. શ્રી પ્રકાશભાઈ અમદાવાદની પ્રતિષ્ઠિત બેંકમાં જોડાયા હતા. તા. ૨૭-૧૨-૨૦૦૯ના રોજ તેમના ધર્મપત્નિ અ.સૌ. અસ્મિતાબેનનું દેહાવાસન થયું. શ્રી પ્રકાશભાઈ આટલા બધા આઘાત સહન કર્યા પછી આ એક વધારાનો આઘાત સહન કરવો કઠીન જ હતો. પરંતુ તે સમયે વિચાર આવ્યો કે દુ:ખ ભુલી જઈને નવી દિશા એટલે કે સેવાના કાર્યમાં મન પરોવી લેવું જેથી દુ:ખ ભુલાય અને સારા કાર્યના સહભાગી બની શકાય. અંતિમ દાયકાથી તેઓ સમાજના દરેક કાર્યક્રમમાં અગ્રેસર રીતે તન, મન અને ધનથી સહાય કરતા આવ્યા છે આ સેવા-સન્માનનો યશ શ્રી પ્રકાશભાઈ હંમેશા માતા-પિતા તેમજ વડીલોના આશીર્વાદ જ સમજે છે.

શ્રી પ્રકાશભાઈના પરિવારમાં બે પુત્રો વિશાલ તેમજ ધીરેન છે. બંને પુત્રો સારી નોકરી તેમજ તેમના કુટુંબ ધરાવે છે. બંને દિકરાને ત્યા એક દિકરી તેમજ એક દિકરો છે. તેઓ પણ તેમના પિતાના કાર્યમાં સહભાગી બની રહ્યા છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૫માં રાષ્ટ્રીય અધિવેશન નિમિત્તે ખૂબ શુભકામનાઓ. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના પ્રમુખશ્રી કિરીટભાઈ દવે જે સમાજ માટે અવિરત કાર્ય કરી રહ્યા છે અને જે ખૂબ જ મોટી રકમનું યોગદાન વિશિષ્ટ સહાય ફંડમાં તેઓના પ્રયત્નોથી આવેલ છે તે બદલ મહાદેવજી તેઓને આવી ને આવી સમાજસેવા અને સમાજ ઉત્થાન માટેના કાર્યોની પ્રેરણા આપતા રહે તેવી પ્રાર્થના.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૧/-ના દાતાશ્રી



### શિવાંગી ભવ્ય દવે
### શૈક્ષણિક સમાચાર PH.D. થયા

*સુરતના શ્રી કુમાર વિનાયક દવે અને શ્રીમતિ શીતલકુમાર દવેના પુત્રવધુ શ્રીમતિ શિવાંગી એચ ઝવેરી/દવેએ ભગવાન મહાવીર યુનિર્વસીટી, વેસુ, સુરતમાંથી* ISOLATION AND CHARACTERIZATION OF BACTERIAL ENDOPHYTES WILD AND WEED PLANTS TO ASSESS THEIR POTENTIAL APPLICATIONS *વિષય ઉપર મહાશોધ નિબંધ રજૂ કરેલો હતો જેને યુનિર્વસીટીએ માન્યતા આપી પીએચ.ડી. (ડોક્ટર ઓફ ફિલોસોફી)ની પદવી એનાયત કરી હતી. આ મહાશોધ નિબંધ તેઓએ ડૉ. સુમિત્તા દાસગુપ્તાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. તેઓએ તેમના અભ્યાસ દરમ્યાન ગુજરાત સરકારની શોધ અંતર્ગત સ્કોલરશીપ મેળવી હતી. તેઓએ તેમના અભ્યાસ દરમ્યાન નીચે મુજબની સિદ્ધિઓ મેળવેલી છે.*

*(૧) તેઓએ પોતાની સ્વહસ્તે લિખિત* Endophytes, Diversity and Potential Agricultural Applications *પુસ્તકનું પ્રકાશિત કરી છે. આ પુસ્તક એમેઝોન ઉપરથી મેળવી શકાય છે. (૨) તેઓએ યુજસી દ્વારા મંજુરી મેળવેલ ત્રણ પેપરો પ્રકાશિત કરેલા છે જે જુદા જુદા વૈજ્ઞાનિક જર્નલોમાં પ્રકાશિત થયા છે. (૩) તેમણે લખેલો રિવ્યુ આર્ટિકલ ને બેસ્ટ આર્ટિકલનો એવોર્ડ પ્રાપ્ત થયેલો છે. (૪) તેમણે નેશનલ અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પોતાના ઘણાં પેપરો પ્રકાશિત કરેલા છે અને જે પૈકી ભગવાન મહાવીર યુનિર્વસીટી, સુરતમાં વર્ષ ૨૦૨૩માં યોજાયેલ નેશનલ કોન્ફરન્સમાં પ્રથમ ઈનામ મેળવેલું હતું તેમજ પારૂલ યુનિર્વસીટી, વડોદરા મુકામે વર્ષ ૨૦૨૨માં યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ત્રીજું ઈનામ પ્રાપ્ત કરેલું હતું. (૫) વિમલા કોલેજ, થ્રીશુર, તામિલનાડુ દ્વારા યોજાયેલ ઈન્ટર કોલેજ કોમ્પીટીશનમાં પોતાનો રીવ્યુ આર્ટિકલ રજૂ કરી પ્રથમ ઈનામ મેળવેલુ હતું.*

*આ ઉપરાંત તેઓ હસ્તકલા, ચિત્રકામ, રસોઈ વિગેરે ક્ષેત્રોમાં પણ ઉંડો રસ ધરાવે છે અને સામાજીક પ્રવૃત્તીઓ પ્રત્યે પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવે છે.*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫,૦૦,૦૦૦/-ના દાતાશ્રી



સ્વ. વિદ્યુતકુમાર કિરપાશંકર ઠાકર



સ્વ. ડૉ. રાજલ વિદ્યુતકુમાર ઠાકર



શ્રી નલિનીબેન વિદ્યુતકુમાર ઠાકર

**સ્વ. વિદ્યુતકુમાર કિરપાશંકર ઠાકર**
**તથા**
**સ્વ. ડૉ. રાજલ વિદ્યુતકુમાર ઠાકરના**
**સ્મરણાર્થે**
**શ્રી નલિનીબેન વિદ્યુતકુમાર ઠાકર તરફથી**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદના વિશિષ્ટ સહાય ફંડમાં શ્રી કિરીટકુમાર મંગુપ્રાસદ દવે- પ્રમુખશ્રી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની પ્રેરણાથી રૂ. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂ. પચ્ચીસ લાખ) સંસ્થાને મળેલ છે. આ સંસ્થામાં દાન તો ઘણાં આવ્યા છે. પરંતુ આટલી મોટી રકમનું એક જ વ્યક્તિનું એક સાથે મળેલ દાન આ પ્રથમ વખત થયેલ છે. આ તબક્કે સંસ્થા અગાઉ મળેલ બધા જ દાતા શ્રેષ્ઠીઓનો આભાર માને છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કારોબારી સભ્યશ્રીઓ આ તબક્કે સમગ્ર કુટુંબીજનો આભાર માને છે. અને અહેસાનની લાગણી વ્યક્ત કરે છે.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**સમીરભાઈ દવે** — **મંત્રીશ્રી**

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**
**તથા સમગ્ર બાજખેડાવાળ સમાજ**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. - અમદાવાદ
## વિદ્યાતેજક ફંડ (ટ્યુશન ફી સહાય) રૂ. ૧૦,૦૦,૦૦૦/-ના દાતાશ્રી



સ્વ. વિદ્યુતકુમાર કિરપાશંકર ઠાકર



સ્વ. ડૉ. રાજલ વિદ્યુતકુમાર ઠાકર



શ્રી નલિનીબેન વિદ્યુતકુમાર ઠાકર

**સ્વ. વિદ્યુતકુમાર કિરપાશંકર ઠાકર**
**તથા**
**સ્વ. ડૉ. રાજલ વિદ્યુતકુમાર ઠાકરના**
**સ્મરણાર્થે**
**શ્રી નલિનીબેન વિદ્યુતકુમાર ઠાકર તરફથી**

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. - અમદાવાદના વિદ્યોતેજક ફંડ (ટ્યુશન ફી સહાય) પેટે શ્રી કિરીટકુમાર મંગુપ્રાસદ દવે- પ્રમુખશ્રી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. -ના ભૂતપૂર્વ પ્રમુખ અને હાલ કારોબારી સભ્યશ્રીની પ્રેરણાથી રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂ. દસ લાખ) સંસ્થાને મળેલ છે. આ સંસ્થામાં દાન તો ઘણાં આવ્યા છે. પરંતુ આટલી મોટી રકમનું એક જ વ્યક્તિનું એક સાથે મળેલ દાન આ પ્રથમ વખત થયેલ છે. આ તબક્કે સંસ્થા અગાઉ મળેલ બધા જ જ્ઞાતિ સમાજના ભામાશાઓનો આભાર માને છે.

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. - અમદાવાદ પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કારોબારી સભ્યશ્રીઓ આ તબક્કે સમગ્ર કુટુંબીજનો આભાર માને છે. અને અહેસાનની લાગણી વ્યક્ત કરે છે.

**પ્રણવભાઈ જોષી** — **પ્રમુખશ્રી**

**સમીરભાઈ દવે** — **મંત્રીશ્રી**

**હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**
**તથા સમગ્ર શેર હોલ્ડરો વતી**

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

## જ્ઞાતિ ઉત્કર્ષ ફંડમાં રૂ. ૧૦,૦૦,૦૦૦/-ના દાતાશ્રી



સ્વ. વિદ્યુતકુમાર કિરપાશંકર ઠાકર



સ્વ. ડૉ. રાજલ વિદ્યુતકુમાર ઠાકર



શ્રી નલિનીબેન વિદ્યુતકુમાર ઠાકર

### સ્વ. વિદ્યુતકુમાર કિરપાશંકર ઠાકર
### તથા
### સ્વ. ડૉ. રાજલ વિદ્યુતકુમાર ઠાકરના
### સ્મરણાર્થે
### શ્રી નલિનીબેન વિદ્યુતકુમાર ઠાકર તરફથી

